# જિ.શિ.તા.ભવન નવસારી

## સંસ્થાકીય આયોજન

વર્ષ:૨૦૧૪-૧૫

માર્ગદર્શક : શ્રી એમ.જી. શેખ, પ્રાચાર્ય


તૈયાર કરનાર:

શ્રી આર.એમ. પટેલ ,સિ.લેકચરર

શ્રી એમ.સી.રાઠોડ ,કે.નિ.

શ્રી ગીરીશભાઇ પટેલ,બીઆરસીકો.

# સંસ્થાકીય આયોજન

❖ પ્રસ્તાવના :-

શાળા / સંસ્થાના ભૌતિક અને શૈક્ષણિક ગુણાત્મક સુધારણા માટે રાઇટ ટુ એજયુકેશન એકટ-૨૦૦૯ માં વિશિષ્ટ અપેક્ષા રાખેલ છે.સંસ્થાની ઊપલબ્ધ માનવીય/ભૌતિક સંપત્તિઓનો /સંશાધનનો મહત્તમ ઊપયોગ માટે આયોજન પાયાની જરૂરિયાત છે.

સંકલિત જીવનવિકાસ માટે આયોજનનું મહત્વ છે.દરેક ક્ષેત્રમાં આયોજન વિના અગ્રેસર રહેવું મુશ્કેલ છે.કાર્યની સફળતાનો આધાર સઘન આયોજન પર રહેલો છે.

કોઇપણ કાર્યના પ્રારંભ પહેલા પૂર્વવિચારણા આવશ્યક છે.પૂર્વવિચારણા અન પૂર્વતૈયારી સાથેનું સમયબધ્ધ કાર્યક્રમ એટલે તે સંસ્થાકીય આયોજન. સંસ્થાકીય ગુણવત્તા સુધારણા અને ભૌતિક સુવિધાના લક્ષ્યાંકને પામવા માટે ચોકકસ ધ્યેયપ્રાપ્તિ માટે સંસ્થાને દિશાસૂચન કરતી પ્રક્રિયા છે.

શાળાની પોતાની સમસ્યાઓ અને અપેક્ષિત જરૂરિયાતોના સંદર્ભમાં શાળા પરિવાર પાસે ઊપલબ્ધ સંશોધનોનો યથાર્થ વિનિયોગ કરી નિશ્ચિત સમયમાં હેતુઓની સિધ્ધિ માટેના આયોજનને સંસ્થાકીય આયોજન કહેવાય.

મોડયુલમાં સંસ્થાકીય આયોજન અન્વયે દિશાસૂચન કરવા માટેનો નમ્ર પ્રયાસ છે દરેક સંસ્થાને પોતાનું આગવું અને નિરાળું આયોજન હોઇ શકે.

આયોજન એ સહિયારી યોજના છે.દરેકનો મહત્તમ અને ઊચ્ચતમ યથાર્થ દિશામાં વિનિયોગ કરવામાં આવે તો શિક્ષણના વિકાસના કાર્યક્રમમાં ચોકકસ સફળ થઇ શકાય છે.

સ્થાનિક પરિસ્થિતિ અનુસાર શાળાનું સંસ્થાકીય આયોજન તૈયાર કરવા માટે આ નાનકડું મોડયુલ આચાર્ય મિત્રોને ઉપયોગી થાય એવી અભ્યર્થના.

❖ શૈક્ષણિક આયોજનમાં સમાવિષ્ટ અપેક્ષિત મુદ્દાઓ : -

- ➢ વિષય /તાસ પધ્ધતિ
- ➢ શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર
- ➢ શિક્ષણ વિષયક વિવિધ કાર્યક્રમોનું આયોજન
- ➢ NCF મુજબ માસિક,સત્રાંત ,વાર્ષિક શૈક્ષણિક આયોજન
- ➢ T.L.M નિર્માણ /સંદર્ભ સાહિત્ય
- ➢ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ
- ➢ શૈક્ષણિક સત્રાના પ્રારંભમાં પૂર્વજ્ઞાન કસોટી
- ➢ નિદાન અને ઊપચારાત્મક શિક્ષણ કાર્યના સંદર્ભમાં મૂલ્યાંકનનું આયોજન
- ➢ શાળા પુસ્તકાલયનો ઊચિત વિનિયોગ
- ➢ બોલતી દિવાલ,ભીતચિત્રો,વિવિધ કોર્નરો,બાલાથી શાળાનું મનોહર પર્યાવરણ નિર્માણ
- ➢ કમ્પ્યુટરનો વર્ગ શિક્ષણ કાર્યમાં વિનિયોગથી સ્માર્ટ કલાસનું નિર્માણ

- **સંસ્થાકીય આયોજનના હેતુઓ:**

  - આર.ટી.ઇ.એકટ મુજબ સંસ્થાકીય આયોજનના ખ્યાલથી માહિતગાર થાય.
  - સંસ્થાકીય આયોજનનું મહત્વ સમજે.
  - સંસ્થાકીય આયોજનમાં સહભાગિતાની અગત્યતા સમજે.
  - સંસ્થાની સ્થાનિક જરૂરિયાતના સંર્દભમાં આયોજન અંગે વિચારે
  - શૈક્ષણિક ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધીઓની ગુણાત્મક સુધારણાનાં સંદર્ભમાં ઉપયોગ કરે.
  - વિવિધ સાધનો અને રીસોર્સનો ઉપયોગ કરી શાળાની ગુણવત્તા વધારે.
  - સમય અવધિમાં લક્ષયાંક સિધ્ધિ મેળવે.
  - સહભાગિતા દ્વારા શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓમાં વિકાસ કરે.
  - શિક્ષણ/શાળા પ્રત્યે લોકજાગૃતિ કેળવે.

- **સંસ્થાકીય આયોજનના ફાયદા :**

  - શાળા અને સમાજ વચ્ચે તંદુરસ્ત સંબંધોનો વિકાસાવી શકાય.
  - સમય તથા શકિતનો વ્યય અટકાવી શકાય.
  - શાળામાં લોકભાગીદારી દ્વારા લોકશાહી વાતાવરણ નિર્માણ કરી શકાય.
  - ઉપલબ્ધ સાધન સામગ્રી અને માનવ મૂડીનો મહત્તમ ઉપયોગ કરી શકાય.
  - શૈક્ષણિક તથા ભૌતિક સુવિધાઓ વિકસાવી શકાય.
  - ભવિષ્યની જરૂરિયાતોનું માઇક્રો પ્લાનીગ કરી શકાય.
  - યોજનાઓ અને કાર્યક્રમોના મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરી અગ્રતા નકકી કરી શકાય.
  - શૈક્ષણિક સિધ્ધઓનું સમયાંતરે મૂલ્યાંકન કરી શકાય.

- **સંસ્થાકીય આયોજનના લક્ષણો :**

આ આયોજન ભાગીદારીના સિધ્ધાંત પર રચાયેલ છે.એટલે તે આચાર્ય ,શિક્ષકો, વિદ્યાર્થીઓ, એસએસમસીના સભ્યો, વાલીઓ તથા સમાજની સહિયારી યોજના છે.શાળા અને સમાજ પ્રાપ્ત સાધન સામગ્રીના મહત્તમ ઉપયોગના સિધ્ધાંત પર આધારિત છે. આ આયોજનમાં ફેરફારનો અવકાશ છે.તે પરિવર્તનશીલ છે.આ આયોજન ધ્યેયલક્ષી છે અને આયોજનના હેતુઓ અતિ મહત્વનાં છે.આ યોજના

ક્રિયાત્મક છે.માત્ર માંગણીઓની યોજના નથી.આયોજનમાં ‘‘સુધારણા અને વિકાસ ’’એ બે પાયાનાં તત્વો છે.તેમાં શિક્ષક ,વિદ્યાર્થી, વાલી તથા સમાજની અપેક્ષાઓને પડઘો પડવો જોઇએ.

- **આયોજનના પ્રકાર :**

**સંસ્થાકીય આયોજન**

**ટૂંકા ગાળાનું આયોજન** | **લાંબા ગાળાનું આયોજન**

**૧. શૈક્ષણિક આયોજન**

**૨.ભૌતિક /વહીવટી વ્યવસ્થાપન આયોજન**



- **લાંબાગાળાનું આયોજન :-** વિદ્યાર્થી/શિક્ષકોની સંખ્યાનાં પ્રમાણમાં શાળાની ભૌતિક સુવિધાઓ માટે ક્રમબધ્ધ આયોજન થઇ શકે.
  - ધો-૧ થી ૫ ધોરણની શાળા ૫ ઓરડાની શાળા ધરાવે છે.તો ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં લઇ નીચે પ્રમાણે ક્રમશઃ આયોજન કરી શકાય.
  - વર્ગખંડ બાંધકામ માટે જમીન મેળવવી.
  - ઉપલી  શ્રેણીનાં ધોરણ માટે ક્રમશઃ વર્ગખંડોનાં બાંધકામ માટેનું આયોજન કરવું.
  - ધોરણદીઠ વર્ગખંડની સિધ્ધિ બાદ વિજ્ઞાનખંડ, કોમ્પ્યુટર ખંડ, આચાર્ય ખંડ, લાયબ્રેરી ખંડ, પ્રાર્થના ખંડ માટેનું ક્રમશઃ આયોજન કરી શકાય.
  - વિદ્યાર્થીઓની સંખ્યા અનુરૂપ કુમાર કન્યા માટે અલગ શૌચાલય, રમતનું મેદાન તથા બાળ ક્રિડાંગણ માટેનાં આયોજન કરી શકાય.
  - શાળાની આવશ્યક ભૌતિક જરૂરિયાતોની ઉપલબ્ધિ બાદ આકર્ષક પ્રવેશદ્વાર માટેનું આયોજન કરી શકાય.
  - શાળામાં શૈક્ષણિક ગુણાત્મક સુધારણા માટે વિદ્યાર્થી વર્ગનાં પ્રમાણમાં સ્થાનિક વિદ્યાદાન /સમયદાન આપી શકતાં સંનિષ્ઠ સેવાભાવી વ્યક્તિઓની કચેરીની પૂર્વમંજૂરી લઇ સેવા લેવી.

ટૂંકા ગાળાનું આયોજનમાં બે પ્રકાર પડે છે.**૧.શૈક્ષણિક આયોજન  ૨. વહીવટી આયોજન**

- **શિક્ષણ ગુણવત્તા સુધારણા :-** રાઇટ ટુ એજયુકેશન મુજબ દરેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ આપવું એ આપણી નૈતિક ફરજ છે.જેના માટે નીચે મુજબ આયોજન કરી શકાય.
  - શાળા સમય પહેલાં કે પછી શિક્ષકો દ્વારા સ્લોલર્નર માટે કોચીંગ વર્ગનું આયોજન
  - રેમીડીયલ વર્ગનું આયોજન કરવું.
  - મહાવિશ્રાંતિમાં ટીમ કોચીંગ ,ઇત્તર વાંચન પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
  - ઈચ વન ટીચ વન પધ્ધતિથી બાળકોને તૈયાર કરવા.(એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીને તૈયાર કરે)
- શાળામાં હાજરી સુધારણા અને ડ્રોપ આઉટ ઘટાડવા ટોળી નાયકની અસરકારક કામગીરીનું આયોજન કરવું.

**૧.શૈક્ષણિક આયોજન :** શૈક્ષણિક આયોજનમાં નીચે જણાવ્યા મુજબની પ્રવૃતિઓ મૂકી શકાય.

- **દિન વિશેષ :** પ્રાર્થના સભામાં વિશિષ્ટ વ્યક્તિઓનાં જન્મદિને જીવનની વિશેષતાઓ વિશે વકતવ્ય યોજી શકાય.
- **ગણિત વિજ્ઞાન પ્રદર્શન :** પરિપત્રનાં વિષય/ વિભાગ મુજબ શૈક્ષણિક વર્ગની શરૂઆતથી જ બાળ વૈજ્ઞાનિકોની પસંદગી માટે પૂર્વતૈયારી કરી શકાય.માઇક્રો પ્લાનીગ કરી  શકાય.

- **બાળમેળો :** બાળમેળા દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય છે.ઉપરાંત બહુવિધ મૂલ્યોનો વિકાસ પણ કરી શકાય છે.જેથી શૈક્ષણિક વર્ષનાં શરૂઆતથી જ બાળમેળાનું આયોજન કરવું.

- **સર્વે/નામાંકન :** આર.ટી.ઇ.મુજબ ૬ થી ૧૪ વર્ષની વય જૂથનાં શાળામાં પ્રવેશપાત્ર અને પુનઃ પ્રવેશ માટે ખાસ પરિણામલક્ષી આયોજન કરવું.અને વિલેજ એજયુકેશન રજીસ્ટર તૈયાર કરી શકાય.૧૦૦ % નામાંકન અને સ્થાયીકરણનાં હેતુ સિધ્ધિ માટે પરિણામલક્ષી આયોજન કરી શકાય.

- **અક્ષર સુધારણા,જોડણી દોષ,પ્રાદેશિક બોલી :** અક્ષર સુધારણા અંગે અઠવાડિયામાં એક વખત ધો -૩ થી ૮ ના વિદ્યાર્થીઓને સાંકળી લઇ પ્રોજેકટ પધ્ધતિથી કામગીરી કરાવવી.તેમજ વર્ષમાં બે વખત અક્ષર સુધારણા સપ્તાહનું આયોજન કરવું.જોડણીદોષ નિવારણ માટે જોડણીમાં ભૂલ કરતાં બાળકોને વ્યકિતગત માર્ગદર્શન આપવું.જોડણી એ શબ્દોનું ઘડતર છે. જેથી નાનપણથી જ જોડણીમાં ક્ષતિ વિનાનું લેખન કરવા પ્રેરાય તે માટે સતત માર્ગદર્શન આપતા રહેવુ.

ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકોને બાળકો સાથે શિક્ષણકાર્યમાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે સ્થાનિક લોકબોલીની શબ્દાવલી તૈયાર કરી શિક્ષણકાર્ય દરમિયાન લોકબોલી શબ્દોનું ગુજરાતી ભાષામાં રૂપાંતર કરી આદાન પ્રદાન કરવું.

- **પ્રોજેકટ વર્ક :** ધોરણવાર કક્ષા મુજબ અને વિષય/એકમ મુજબ પ્રોજેકટનું આયોજન કરી તે મુજબ સંત્રાત સુધીમાં પ્રોજેકટ કાર્ય પૂર્ણ કરાવવું પ્રોજેકટ અંગે સમીક્ષા કરતાં રહેવું.

- **પ્રશ્નમંચ :** સામાન્ય જ્ઞાનના વિકાસ માટે પ્રશ્નમંચ કવીઝ, પ્રશ્નજૂથોનું શાળાકક્ષાએ મૌખિક આયોજન કરી શકાય.દા.ત. ગુજરાત ગૌરવ પ્રશ્નમંચ ,અંગ્રેજી સ્પેલીંગ, સામાન્ય જ્ઞાન વિગેરે.

- **પ્રશ્નપેટી :** વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો લેખિત સ્વરૂપે પ્રશ્નપેટીમાં નાખવા તે પ્રશ્નનો જવાબ શિક્ષક દ્વારા  પ્રાર્થના સંમેલનમાં આપી શકાય.

- **વાંચે નવસારી :**

  - વિદ્યાર્થી/શિક્ષક વાંચે વિચારે બંનેનો વિકાસ થાય એવી સુંદર સ્વીકૃત વાચન પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ કરી શકાય.

  - દર શનિવારે બાલસભા મને ગમતું પુસ્તક પર ત્રાણ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક દ્વારા મહત્તમ પાંચ મિનિટ વાંચેલ પુસ્તક પર વકતવ્ય આપે.

- વાંચેલ પુસ્તકોની નોંધપોથી નિભાવવી.

- વિદ્યાર્થી દ્વારા લાયબ્રેરી સંચાલન માટે વિદ્યાર્થીની નિમણૂક કરવી.રિશેષ દરમિયાન પણ પુસ્તકો વાંચવા આપવા.

- શાળા લાયબ્રેરીનો મહત્તમ ઉપયોગ થાય તે જેવું.

- **પ્રવેશોત્સવ** : શાળા પ્રવેશોત્સવ વિદ્યા સંસ્કરણ વિધિના સ્વરૂપમાં ભાવનાત્મક રીતે ઉત્કૃષ્ટ ઉજવણી થાય તેવું આયોજન કરવું. શૈક્ષણિક કીટ ,પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન માટે દાતાઓ તૈયાર કરવા.

○ **શૈક્ષણિક પ્રવાસ : -**

- શિક્ષણના હેતુને ધ્યાનમાં રાખી પ્રવાસનું આયોજન કરવું
- શૈક્ષણિક પ્રવાસનાં સ્થળોનો નકશો તૈયાર કરવો.
- પ્રવાસનાં સ્થળે રહેવા તથા જમવા માટેની વ્યવસ્થાનું અગાઉથી આયોજન કરવું
- નકકી કરેલા જોવાલાયક સ્થળોની માહિતીની જાણ બાળકોને અગાઉથી કરવી.
- સમય,અંતર અને જોવાલાયક માહિતી આધારે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું
- શૈક્ષણિક પ્રવાસ પહેલા સંબંધિત અધિકારી પાસે પૂર્વમંજુરી અવશ્ય મેળવી લેવી.
- જાન્યુઆરીના અંત સુધીમાં શૈક્ષણિક પ્રવાસ પૂર્ણ કરવાનું આયોજન કરવું.

○ **પર્યટન :-**

- લાંબા અંતરના શૈક્ષણિક પ્રવાસ ઈચ્છનીય છે પરંતુ શાળાકક્ષાએ સ્થાનિક પર્યાવરણ અને અભ્યાસક્રમ અનુરૂપ પર્યટનોનું આયોજન ખાસ કરવું.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (ગામ/તાલુકા/જિલ્લા પંચાયત)ની મુલાકાતનું આયોજન.
- નદી, તળાવ, ડુંગર, વાવ, કુવો, ખેતર, વાડીની મુલાકાત
- સ્થાનિક ધાર્મિક સ્થળો
- જાહેર સંસ્થાઓ
- ઐતિહાસિક સ્થળોની મુલાકાત
- સ્થાનિક ગ્રામ્યકારીગરો/જાહેર સેવકો

○ **એકમ કસોટી :-**

- શિક્ષણની ગુણાત્મક સુધારણા માટે અને ઔપચારિક / અનૌપચારિક મૂલ્યાંકનની સબળ પુષ્ટિ માટે શાળા કક્ષાએ R.T.E એકટ મુજબ ધોરણ /વિષયવાર એકમ કસોટીનું વ્યવસ્થિત આયોજન કરવું.
- દર એકમ પૂર્ણ થયે મૌખિક /લેખિત સ્વરૂપે કસોટી ફરજીયાત લઇ રેકોર્ડ નિભાવવો તથા નિદાન-ઉપચારાત્મક શૈક્ષણિક કાર્ય કરવું.
- માસિક કસોટીનું શાળા કક્ષાએ/સીઆરસી કક્ષાએ /બીઆરસી કક્ષાએ આયોજન કરવું

- કસોટી પાસ/નાપાસ માટે નથી પરંતુ બાળકોના ઉપચારાત્મક શિક્ષણકાર્યમાં હેતુ/ક્ષમતાસિધ્ધિ થાય તેનું શાળાના આચાર્યશ્રીએ ખાસ ધ્યાન રાખવું.
- સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના તમામ પત્રકો વ્યવસ્થિત નિભાવવા.

○ **વાંચન કુટીર :-**

શાળા મેદાનની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઇ દરેક શાળાના વાંચન કુટીર નિર્માણ કરે એ જરૂરી છે.અસ્થાયી સ્વરૂપે ઘાસ,વાંસ ,સડેકાં,કંતાન પાન,વિગેરેનાં ઊપયોગથી વાંચનકુટીર તૈયાર કરવી.

- વિદ્યાર્થી વાંચન સમિતિની રચના કરી તેમના દ્વારા વાંચન કુટીરમાં સામાયિકો,બાળસાહિત્ય,દૈનિક સમાચારપત્રો રાખી વાંચનકુટીરને ધબકતી રાખવી.

○ **વિજ્ઞાનમંડળની રચના :-** વિજ્ઞાન મંડળની અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનઅભિગમ કેળવી વિજ્ઞાનમાં રૂચી લેતા કરવાં.

- વિજ્ઞાનમંડળની રચના કરવી દરવર્ષે અપડેટ કરવી.
- માસવાર પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવું.
- ધોરણવાર ક્રિયાશીલ પ્રયોગોનું નિદર્શન કરવું.
- વિજ્ઞાન સાધનોનો પરિચયનું આયોજન કરવું
- વિજ્ઞાન મેળામાં ભાગ સક્રિયપણે લેવું.
- ઈન્સપાયર એવોર્ડ અંતર્ગત પ્રવૃત્તિઓનું આયોજન કરવું
- અંધશ્રધ્ધા નિવારણ માટે જાદુઇ પ્રયોગોનું નિદર્શન ગોઠવવું.
- વિજ્ઞાનવિષયક અંકો તૈયાર કરવા
- વિજ્ઞાન સીડી,વિજ્ઞાન પુસ્તકો દ્વારા બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ કેળવવી
- સાયન્સ ક્વિઝનું આયોજન કરવું

# સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

- **સહઅભ્યાસિક પ્રવૃત્તિ** : વર્ગશિક્ષકને અસરકારક બનાવવા અને બાળકનાં સર્વાંગી વિકાસ થઇ શકે તે માટે અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃતિઓ જેમ કે, પ્રવાસ/પર્યટન, વાલી સંમેલન, વર્ગસુશોભન, આનંદમેળા, વિવિધ સ્પર્ધાઓ, વિશિષ્ટ દિનની ઉજવણી, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓનું પણ ખૂબ જ મહત્વ છે.જેનાથી સ્પર્ધાત્મક આયોજન દ્વારા બાળકની ધગશ અને ઉત્સાહને પ્રોત્સાહન આપી બાળકની જિજ્ઞાશાવૃતિને સંતોષી શકાય છે.

**રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી : -**

૧૫ મી ઓગષ્ટ, ૨૬ મી જાન્યુઆરી,ગાંધી જયંતિ એમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન જેમ કે વકતૃત્વસ્પર્ધા, દેશભકિતગીત, નિબંધલેખન, સુલેખન, રંગોળી, કેશગુંફન, મહેંદી, વેશભૂષા, એકપાત્રીય અભિનય રમતો વિગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ.

- વિદ્યાર્થીઓમાં મૂલ્યોનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરવી.

**રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી : -** રક્ષાબંધન, હોળી, દિવાળી, ઇદ, નાતાલ, પર્યુષણ, જનમાષ્ટમી, મકરસંક્રાતિ જેવા તહેવારોની ઉજવણી કરી વિદ્યાર્થીઓમાં બિનસાંપ્રદાયિક મલ્યોનો વિકાસ કરી શકાય અને તેઓ વિવિધ સંસ્કૃતિથી પરિચિત થાય.વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય.સાંસ્કૃતિક મૂલ્ય સમજી વારસાની જાળવણી કરે.

- **પર્યાવરણ દિન :** પૃથ્વી પરનાં જનજીવનનાં સંતુલન માટે વૃક્ષારોપણ અતિ મહત્વનું છે.આ દિવસે વિવિધ સ્પર્ધાઓ યોજવી જેમ કે ૧.ચિત્ર સ્પર્ધા ૨. વકતૃત્વ સ્પર્ધા ૩. વૃક્ષારોપણ (વૃક્ષો, ઔષધિય છોડ,ફળફૂલ આપતાં છોડ )વગેરે કરી શકાય.

- સ્વૈચ્છિક સંસ્થાઓ, વનખાતું,દાતા ખેડૂત વગેરેનો સહયોગ મેળવી વૃક્ષારોપણ કરી તેનું જતન માટેની સુવિધાઓ મેળવી શકાય.

- વનખાતાંના સહયોગથી નર્સરી ઉભી કરી ભંડોળ ઉભું કરી શકાય.

- ગામની પડતર જગ્યામાં તેમજ રસ્તામાં ,તળાવની પાળો જેવી જગ્યામાં વૃક્ષારોપણ કરી સકાય.

- એક વ્યકિત એક વૃક્ષ દર વર્ષે રોપે વૃક્ષોનું મહત્વ સમજે.

- રાજય /રાષ્ટ્રની જંગલ સંપતિ વિશે જાણે ,શિક્ષકોને બાળકોને યોગ્ય જાણકારી આપે.

- **તરૂણ મહોત્સવ :** કલા ,સાહિત્ય અને સાંસ્કૃતિક વિભાગની વિવિધ પ્રવૃતિઓ માં ભાગ લેવા વિશિષ્ટ આયોજન કરવું.વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન આપી ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરી શકાય.

- **શાળા/ વર્ગ પંચાયતની રચના :** ભારત દેશ લોકશાહી દેશ છે. ભારતીય નાગરિક ઘડતરની પદાર્થ પાઠશાળા કક્ષાએ લોકશાહી અભિગમથી શાળા/વર્ગ પંચાયતની રચના ચૂંટણી પ્રક્રિયાથી કરી વિદ્યાર્થીઓમાં લોકશાહી વિષયક આવશ્યક રાષ્ટ્રીય ગુણોનો વિકાસ કરી શકાય.

- **રમત મહોત્સવ :** બાલક રમત પ્રિય હોય છે.રમત એ સહજ બાબત છે.રમતો દ્વારા બાળકોમાં ખેલદીલી, સમૂહભાવના, સંઘનિષ્ઠા,હારજીત પ્રતિ તટસ્થભાવ કેળવી સ્પર્ધાત્મક તૈયારી કરી શકાય.રમતો દ્વારા બાળકોમાં તંદુરસ્તી વધે તે જોઇ શકાય.

- **શિષ્યવૃતિ :** શૈક્ષણિક ગુણાત્મક સુધારણાનાં માપદંડ તરીકે પ્રાથમિક ,માધ્યમિક ,NMMS ની જાણકરી મેળવી પ્રતિભાશાળી બાળકોને તૈયાર કરવા.

- **રામહાટ/ખોયાપાયા :** રામહાટ / કુછ ખોયા કુછ પાયા દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રમાણિકતાના ગુણોનો વિકાસ કરી શકાય છે. જરૂરી શૈક્ષણિક સામગ્રી લઘુત્તમ ભાવે શાળાઆમાં જ સુલભ બને છે. આ પ્રવૃતિ બાળકો દ્વારા જ થાય તે અત્યંત મહત્વનું છે.

- **વન ભોજન /સમૂહ ભોજન :** વન ભોજન/ સમૂહ ભોજન માટે ગ્રામજનોનાં સહકારથી એસએમસી સભ્યોને સાથે રાખી આગોતરું આયોજન કરી યોગ્ય સમયે અમલ કરવો.

- **વાલી દિન** : શાળાના બાળકો,ગામનું યુવક મંડળ,યુવક યુવતિઓનાં સહયોગથી સાંસ્કૃતિક કાર્યક્રમ તેમ જ શાળામાં શાળામાં અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન/સન્માન માટેનાં કાર્યક્રમોનું આયોજન કરી વાલીઓ તેમજ ગ્રામજનોને આમંત્રણ આપી કાર્યક્રમ યોજયો.

- **સંચાયિકા:** બાળકોમાં નાનપણથી જ નાણાંની બચત કરવાની ટેવ પડે તે માટે પ્રત્યેક બાળક અઠવાડિક/માસિક નકકી કરેલા દિવસો મુજબ રકમ જમા કરાવે તેવા પ્રયત્નો કરી બાળકોમાં બચતનું મહત્વ સમજાય તે માટે જરૂરી માર્ગદર્શન અવારનવાર આપતાં રહેવું.

- **આનંદમેળો :** બાળકોમાં રહેલ સુશુપ્ત શકિતઓના વિકાસ માટે આનંદમેળાનું આયોજન કરી અગાઉથી આનંદમેળામાં વિદ્યાર્થીઓનાં મૂકવાના સ્ટોલથી બાળકોને માહિતગાર કરવા.તેમજ વિદ્યાર્થીઓનાં વિવિધ જૂથો જુદા જુદા સ્ટોલ ઉપર સ્વંય સંચાલન કરે તેવું આયોજન કરવું.

- **આજનો દિપક :**

  - વિદ્યાર્થીની જન્મતારીખ માસવાર બોર્ડ પર મૂકવી.(ડીસપ્લે કરવી)

  - જન્મદિન મુબારક કાર્ડ એનાયત કરવો.

  - પ્રાર્થના સંમેલનના ભાવસભર વાતાવરણમાં જન્મદિનની ઉજવણી કરવી.અને શુભેચ્છા પાઠવવી.

  - કોઇપણ બાલક દ્વારા ચોકલેટનું વિતરણ ના કરવાનો સંકલ્પ કરવો.તેના બદલે તુલસીદલ અને સાકરથી મોં મીઠું કરવું.

  - વિદ્યાર્થી પાસે પોતે કોઇ એક સંકલ્પ લેવડાવવો.

○ **શાળા પ્રવેશોત્સવ : -**

રાઈટ ટુ એજ્યુકેશન ૨૦૦૯ મુજબ પ્રારંભિક (૧ થી ૮) શિક્ષણ મેળવવાનો સૌ બાળકોને અધિકાર આપવામાં આવેલો છે.આ માટે રાજ્ય સરકાર દરવર્ષે મોટાપાયે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઊજવવામાં આવે છે. ધોરણ-૧ ઊપરાંત શાળામાં નવા દાખલ થતાં કોઈપણ ધોરણના બાળકોને ભાવનાત્મક રીતે આવકાર આપવો.

- ધો-૧ નાં પ્રવેશાર્થી
- કોઇપણ ધોરણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ
- પુનઃપ્રવેશ પામતાં બાળકો (ડ્રોપ આઊટ)
- સ્પેશિયલ ટ્રેનીગ પ્રોગ્રામમાંથી મેઇનસ્ટ્રીમ થયેલા બાળકો
- સંકલિત શિક્ષણ (IED)અંતર્ગત વિકલાંગ બાળકોનો પ્રવેશ (૬ થી ૧૮ વર્ષ સુધીની ઊંમરના બાળકો)

○ **આટલું જરૂર કરો :-**

- માર્ચનાં અંત સુધીમાં ૬ થી ૧૪ વર્ષ ઊપરાંત ૦ થી ૫ વર્ષની ઊંમરના સંભવિત બાળકોની સુચિત યાદી તૈયાર કરી વિલેજ એજ્યુકેશન રજીસ્ટર અપડેટ કરવું.
- SMC વાલીમંડળ સ્થાનિક સદ્દગૃહસ્થો,દાતાશ્રીઓ સંયુક્ત સહકારથી શૈક્ષણિક કીટ્સ મેળવવા માટેનું આયોજન કરવું
- ધો. ૩ થી ૮ માં પ્રથમ ત્રણ ક્રમે ઊત્તિર્ણ થનાર, બાહ્યપરીક્ષામાં ઊત્કૃષ્ટ દેખાવ કરનાર, અન્ય સહઅભ્યાસક પ્રવૃત્તિમાં શાળાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને સન્માનવા, સન્માન કીટ્સનું આયોજન કરવું
- સ્ત્રી સાક્ષરતા ૩૫% થી નીચે તથા શહેરી વિસ્તારમાં B.P.L કાર્ડ ધારણ કરનાર વાલીઓનાં બાળકોને વિદ્યાલક્ષ્મી બોન્ડની યાદી તૈયાર કરવી.
- સર્વેક્ષણ મુજબ નોંધાયેલા બાળકોની શાળા પ્રવેશની માહિતી લેખિત સ્વરૂપે રાખવી.(અન્ય શાળા/ખાનગી શાળા સહિત)
- શાળા પ્રવેશોત્સવની પૂર્વતૈયારી માટે SMCની બેઠક બોલાવવી અને ઊતકૃષ્ટ આયોજન કરવું,કામગીરીની જવાબદારીની વહેંચણી કરવી.
- શાળાની ભૌતિક/શૈક્ષણિક સુવિધા માટે આર્થિક અથવા અન્ય રીતે સહાયક થનાર દાતાશ્રીઓને સન્માનવા અને દાનની વિગત ઊપલી કચેરીએ મોકલાવવી.

○ **મધ્યાહન ભોજન :-**

- શાળામાં અભ્યાસ કરતાં બાળકોને બપોરે ભોજન માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત મધ્યાહન ભોજન યોજનાનો અમલ થયેલ છે.
- મધ્યાહન ભોજન સામગ્રીની સ્વચ્છતા જળવાય તે જોવું.
- નિર્દિષ્ટ મેનું મુજબ ભોજન તથા વિદ્યાર્થીદીઠ પ્રમાણ મળે છે કે કેમ તે જોવું.
- લાભાર્થી વિદ્યાર્થીઓનો જાતિવાર રેકોર્ડ નિભાવવો.

- કોઈપણ જાતના ભેદભાવ વગર શાળાનાં તમામ બાળકો વ્યવસ્થિત ભોજન લઇ શકે તેવું આયોજન કરવું.
- તમામ બાળકો હાથ ધોઇને બેસે તથા તમામને ભોજન પીરસાયા બાદ પ્રાર્થના કરી ભોજનની શરૂઆત કરે તેનું ધ્યાન રાખવું.
- મધ્યાહન ભોજન દરમ્યાન આકસ્મિક દુર્ઘટના ન સર્જાય તે જોવું.

○ **પ્રિતિભોજન / તિથિભોજન : -**

- શાળા કાર્યવિસ્તારમાંથી જન્મ/મૃત્યુ/લગ્ન/શુભ પ્રસંગો અંતર્ગત શાળા પરિવારને તિથિ / પ્રિતિ ભોજન મળે તેવું આયોજન કરવું.
- વર્ષમાં ઓછામાં ઓછું બે વાર પ્રિતિ/તિથિ ભોજન મળે એવું આયોજન કરવું.
- શાળા પ્રિતિ/તિથિ ભોજનઆપનાર દાતાઓને યથાપ્રસંગો સન્માનવા.

○ **શાળા બાગબાની :-**

પર્યાવરણ જતન અને શાળાના મનોહર પરિશર નિર્માણથી બાળકને શાળામાં આવવાનું ગમે,ભણવાનું ગમે એવી સુંદર કલ્પના સાકાર કરતી પ્રવૃત્તિ એટલે શાળા બાગબાની.

શાળા બાગબાની,ઇકોકલબ,કિચનગાર્ડન,ઔષધિબાગ,વૃક્ષારોપણ,સ્વસ્થ જમીન પ્રોજેકટ,સજીવખેતી જેવી પ્રવૃત્તિઓનું સંકલન કરવું આવશ્યક છે

- શૈક્ષણિક અભિગમથી સુશોભન અને કલાત્મક ફુલછોડની રચના
- વિષયને અનુરૂપ ભૂમિનકશા નિર્માણ
- પ્રસંગોપાત અને વિશિષ્ટ દિન પ્રસંગે ભૂમિચિત્રોનું નિર્માણ
- સુવાકયો દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ
- શાળા બાગબાનીમાં તમામ ફૂલછોડ /વૃક્ષોની ઊપયોગ સાથેની નામાભિધાન પ્લેટ તૈયાર કરવી.
- ‘‘છોડમાં રણછોડ’’ અને ‘‘વૃક્ષમાં વાસુદેવ’’જેવી ભાવનાત્મક વૃત્તિ તૈયાર કરી બાલક /શિક્ષક વૃક્ષને દત્તક લેવાનું આયોજન કરે.
- બાળકો વૃક્ષ અને પ્રકૃતિપ્રેમી બને તેવું વાતાવરણ નિર્માણ કરવું.
- કિચનગાર્ડન માટે સ્થાનિક પ્રાપ્ય શાકભાજીનું વાવેતર કરવું

○ **આરોગ્ય તપાસ :-**

શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અંતર્ગત તમામ બાળકોની શારિરિક તપાસ કરાવવી.

- તપાસ દરમ્યાન મળી આવેલ શારિરિક ઊણપવાળા બાળકોનું રોગવાર વર્ગીકરણ કરવું.
- ઊણપવાળા બાળકોને આપેલ દવા શિક્ષકની રૂબરૂમાં આપવી.
- ગંભીરરોગવાળા બાળકોની વધુ સારવાર માટે આગળની કાર્યવાહી કરવી, રોગનિવારણનાં પ્રયત્ન કરવાં.
- સારવાર કરનાર ડોકટર, પરિચારિકાના નામ-સરનામું અને સંપર્ક નંબર રાખવા.
- આરોગ્ય તપાસણી દરમ્યાન આરોગ્ય કર્મચારીને સંપૂર્ણ સહયોગ આપવો.

- **આપત્તિ વ્યવસ્થાપન :-**
  - અગ્નિશામક સિલિન્ડર યોગ્ય જગ્યાએ રાખવો તે ચાલુ સ્થિતિમાં છે કે કેમ તેની ચકાસણી કરી લેવી.
  - ધરતીકંપ,વાવાઝોડું,પુર,આગ લાગવી જેવી ઘટનાઓ દરમ્યાન કેવી રીતે વર્તવું તે માટેની સાવચેતી અંગેની બાળકોને જાણકારી આપવી.શક્ય હોય તો જે તે સંસ્થાની મુલાકાત લઇ કે સંસ્થાના કર્મચારીને બોલાવીને બાળકોમાં સમજ ઊભી કરવી.
  - શાળાનું મકાન બે માળથી વધું હોય તો બાળકોની સંખ્યાને અનુરૂપ દાદર છે કે કેમ તેની તકેદારી રાખવી.
  - શાળા મકાનની સ્થિતિ અંગેની પૂર્ણ જાણકારી રાખી યોગ્ય હાલતમાં છે કે કેમ તેની ચકાસણી કરતા રહેવું.
  - શાળા વાયરીંગને સુરક્ષિત રાખવું.
  - શાળા મેદાનમાં આપેલ કુવા/બોરને રીંગ કવરીંગ કરવું.
- **સંકલિત શિક્ષણ :-**
  - R.T.E મુજબ શારિરિક ક્ષતિવાળા બાળકોને સામાન્ય શાળામાં ભણાવવાની જોગાવઇ કરવામાં આવે છે તે અંતર્ગત આવા બાળકોને શાળા પ્રવેશ આપી ભાવયુકત વાતાવરણથી શિક્ષણ મળી રહે તેમજ ક્ષતિ અનુરૂપ સવલતો પ્રાપ્ત થાય તે માટે અગ્રીમતા આપવી.
  - આવા બાળકોને સામાન્ય બાળકોની સાથે ભેદભાવ રહિત વાતાવરણ મળી રહે તેવા પ્રયત્ન કરવા.
  - સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાવવો જે અન્વયે રીડર,એસ્કોર્ટ,ટ્રાન્સપોર્ટ એલાઊન્સ શિષ્યાવૃત્તિ વિવિધ સાધનોની કીટ્સ અપાવવા કાર્યવાહી કરવી.

- **શાળા ગુણવત્તા એવાર્ડ** : શૈક્ષણિક વર્ષના પ્રથમ વર્ષની શરૂઆતથી જ શાળા ગુણવત્તા એવાર્ડ અંગેનું આગોતરું આયોજન કરી શાળા ગુણવત્તા એવાર્ડ માટે સંનિષ્ટ પ્રયત્નો કરવા.

- **અભિનય શાળા પ્રોજેકટઃ**

- **અક્ષયપાત્ર :** વિદ્યાર્થીઓમાં પશુ પક્ષીઓ જેવાં અબોલ પ્રાણીઓ પ્રત્યે સંવેદના ઉદભવે તેમજ પ્રાણીઓ પ્રત્યે જીવદયા ભાવના કેળવાય તે માટે વિવિધ પ્રવૃતિઓ જેવી કે પક્ષીઓ માટે ચણ, પાણી માટે પરબ,પાણીનાં કુંડા,ચણ માટે ચબૂતરો રહેઠાણ માટે માળા (પૂંઠાના બોક્ષમાંથી તૈયાર કરવા) અનાજસંગ્રહ જેવી પ્રવૃતિઓ નિરંતર થતી રહે તેવું આયોજન કરવું.

- **વાલી સંમેલન** : સત્રની શરૂઆતમાં શાળા કાર્ય વિસ્તારનાં તમામ સમુદાયનાં વાલીઓનું સંમેલન બોલાવી વાલીઓને શિક્ષણનાં નૂતન પ્રવાહોથી વાકેફ કરવા.જરૂર જણાયે યોગ્ય વકતાને આમંત્રિત કરી સંમેલનમાં તેમના તરફથી વાલીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવું આયોજન કરવું.